# ગોડી - આરતી - પ્રાર્થના - સ્તુતિ

અનુપમ મિશન શ્રી સ્વામિનારાયણ અધ્યાત્મ, સાંસ્કૃતિક એવં સામાજિક સેવા કેન્દ્ર
બ્રહ્મજ્યોતિ, યોગીજી માર્ગ, મોગરી-૩૮૮ ૩૪૫, તા. જિ. આણંદ, ગુજરાત
Email : amindia@anoopam.org || Web : www.anoopam.org>

## ગોડી પદ

### પદ - ૧

સંત સમાગમ કીજે, હો નિશદિન.... ટેક...
માન તજી સંતન કે મુખસે, પ્રેમ સુધારસ પીજે હો... ૧
અંતર કપટ મેટકે અપનો, લે ઉનકું મન દીજે હો... ૨
ભવદુ:ખ ટળે બળે સબ દુષ્કૃત, સબ વિધિ કારજ સીજે...૩
'બ્રહ્માનંદ' કહે સંત કી સોબત, જન્મ સુફલ કરી લીજે...૪

### પદ - ૨

સંત પરમ હિતકારી, જગતમાંહી... ટેક...
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી...૧
પરમ કૃપાલુ સકલ જીવન પર, હરિસમ સબ દુ:ખહારી...૨
ત્રિગુણાતીત ફિરત તનુ ત્યાગી, રીત જગત સે ન્યારી...૩
'બ્રહ્માનંદ' કહે સંત કી સોબત, મિલત હૈ પ્રગટ મોરારિ...૪

### પદ - ૩

હરિ ભજતાં સુખ હોય, સમજ મન... ટેક...
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની, ઉંમર દીની ખોય... ૧
માત-પિતા, જુવતી સુત બાંધવ, સંગ ચલત નહિ કોય...૨
ક્યું અપને શિર લેત બૂરાઈ, રહેના હૈ દિન દોય...૩
'બ્રહ્માનંદ' કહે હરિને ભજી લે, હિત કી કહત હું તોય...૪

### પદ - ૪

યુંહી જન્મ ગુમાત, ભજન બિન... ટેક...
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાળ નિકટ ચલી આત...૧
ભયોરી બેહાલ ફિરત હૈ નિશદિન, ગુણ વિષયન કે ગાત...૨
પરમારથ કો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત...૩
'બ્રહ્માનંદ' કહે તેરી મૂરખ, આયુષ્ય વૃથા હી જાત... ૪

## આરતી

**નીરાજનં ગૃહાણેશ પંચવર્તિ-સમન્વિતમ્ ।**
**તેજો-રાશિર્મયા દત્તો લોકાનન્દ-કર પ્રભો ॥**
**શ્રી અક્ષરપુરુષોત્તમાય ભક્તમંડળ સહિતાય આરાર્તિક્યં સમર્પયામિ ॥**

**જય સદ્‌ગુરુ સ્વામી, પ્રભુ જય અંતર્યામી,**
**સહજાનંદ દયાળુ, (૨) બળવંત બહુનામી... ૐ જય સદ્‌ગુરુ...**

**ચરણસરોજ તમારાં, વંદું કર જોડી, પ્રભુ વંદું કર જોડી;**
**ચરણે શીશ ધર્યાથી, (૨) દુઃખ નાખ્યાં તોડી... ૐ જય સદ્‌ગુરુ...**

**નારાયણ સુખદાતા, દ્વિજકુળ તનુધારી, પ્રભુ દ્વિજકુળ તનુધારી;**
**પામર પતિત ઉદ્ધાર્યાં, (૨) અગણિત નરનારી... ૐ જય સદ્‌ગુરુ...**

**નિત્ય નિત્ય નૌતમ લીલા કરતા અવિનાશી, પ્રભુ કરતા અવિનાશી;**
**અડસઠ તીરથ ચરણે, (૨) કોટિ ગયા કાશી... ૐ જય સદ્‌ગુરુ...**

**પુરુષોત્તમ પ્રગટનું જે દર્શન કરશે, પ્રભુ જે દર્શન કરશે;**
**કાળકર્મથી છૂટી, (૨) કુટુંબ સહિત તરશે... ૐ જય સદ્‌ગુરુ...**

**આ અવસર કરુણાનિધિ, કરુણા બહુ કીધી, વ્હાલે કરુણા બહુ કીધી;**
**'મુક્તાનંદ' કહે મુક્તિ, (૨) સુગમ કરી સિદ્ધિ... ૐ જય સદ્‌ગુરુ...**

## પ્રાર્થના

નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ;
માહાત્મ્યજ્ઞાનયુક્ત ભક્તિ તવ, એકાંતિક સુખધામ. ૧.

મોહિમેં તવ ભકતપનો, તામેં કોઈ પ્રકાર;
દોષ ન રહે કોઈ જાત કો, સુનિયો ધર્મકુમાર. ૨.

તુમ્હારો તવ હરિભક્ત કો, દ્રોહ કબુ નહિ હોય;
એકાંતિક તવ દાસકો, દીજે સમાગમ મોય. ૩.

નાથ નિરંતર દર્શન તવ, તવ દાસન કો દાસ;
એહિ માગું કરી વિનય હરિ, સદા રાખિયો પાસ. ૪.

હે કૃપાલો ! હે ભક્તપતે ! ભક્તવત્સલ ! સુનો બાત;
દયાસિંધો ! સ્તવન કરી, માગું વસ્તુ સાત. ૫.

સહજાનંદ મહારાજ કે, સબ સત્સંગી સુજાણ;
તાકું હોય દૃઢ વર્તનો, 'શિક્ષાપત્રી' પ્રમાણ. ૬.

સો પત્રીમેં અતિ બડે, નિયમ એકાદશ જોય;
તાકી વિક્તિ કહત હૂં, સુનિયો સબ ચિત્ત પ્રોય. ૭.

હિંસા ન કરની જંતુ કી, પરસ્ત્રીયાસંગ કો ત્યાગ;
માંસ ન ખાવત, મદ્યકું, પીવત નહિ બડભાગ્ય. ૮.

વિધવા કું સ્પર્શત નહિ, કરત ન આત્મઘાત;
ચોરી ન કરની કાહુંકી, કલંક ન કોઈકું લગાત. ૯.

નિંદત નહિ કોઈ દેવકું, બિન ખપતો નહિ ખાત;
વિમુખ જીવ કે વદનસે, કથા સુની નહિ જાત. ૧૦.

એહી ધર્મ કે નિયમ મેં, બરતો સબ હરિદાસ;
ભજો 'શ્રી સહજાનંદ'પદ, છોડી ઔર સબ આશ. ૧૧.

રહી એકાદશ નિયમ મેં, કરો શ્રી હરિપદ પ્રીત;
'પ્રેમાનંદ' કહે ધામ મેં, જાઓ નિ:શંક જગ જીત. ૧૨.

# સ્તુતિ

કૃપા કરો મુજ ઉપરે, સુખનિધિ 'સહજાનંદ',
ગુણ તમારા ગાવવા, બુદ્ધિ આપજો સુખકંદ.

અક્ષરપુરુષોત્તમ જે, પૃથ્વી ઉપર પધારિયા,
અનેક જીવ ઉદ્ધારવા, મનુષ્યતન ધારી રહ્યા.

પ્રગટ પુરુષોત્તમ જે, સુખરૂપ 'સહજાનંદ',
મૂળ અક્ષર એ જ છે, સ્વામી 'ગુણાતીતાનંદ'.

એ બેઉના ગુણ ગાવવા, વિચાર કરે છે મતિ,
ગતિ આપો એહવી, ફેરો ફરી નવ રહે રતિ.

*

જન્મ્યા કૌશલ દેશ વેષ બટુનો, લૈ તીર્થમાંહી ફર્યા,
'રામાનંદ' મળ્યા સદ્ધર્મ ચલવ્યો, યજ્ઞાદિ મોટા કર્યા;
મોટાં ધામ રચ્યાં રહ્યા ગઢપુરે, બે દેશ ગાદી કરી,
અંતર્ધાન થયા નહીં 'હરિ', રહ્યા ગુણાતીતે વિચરી.

*

જે ઉત્પત્તિ તથા સ્થિતિ લય કરે, વેદો સ્તુતિ ઉચ્ચરે,
જેના રોમ સુચ્છિદ્રમાં અણુસમા બ્રહ્માંડ કોટી ફરે;
માયા, કાળ, રવિ, શશી, સૂરગણો, આજ્ઞા ન લોપે ક્ષણ,
એવા અક્ષરધામના અધિપતિ, 'શ્રી સ્વામિનારાયણ'.

*

જે છે અક્ષરધામ દિવ્ય હરિનું, મુક્તો–હરિ જ્યાં વસે,
માયાપાર કરે અનંત જીવને, જે મોક્ષનું દ્વાર છે;
બ્રહ્માંડો અણુતુલ્ય રોમ દીસતાં, સેવે પરબ્રહ્મને,
એ મૂલાક્ષર મૂર્તિને નમું સદા, 'ગુણાતીતાનંદ'ને.

સાધ્યો અષ્ટાંગયોગ પ્રગટ હરિ તણી પ્રીતિ માટે પ્રયત્ને,
શોધી વેદાંત તત્ત્વો સકલ ગ્રહી લીધાં જેમ સિન્ધુથી રત્ને ;
આધિ વ્યાધિ ઉપાધિ પ્રણતજનતણી ટાળી કીધી સમાધિ,
'ગોપાળાનંદ સ્વામી' સકળ ગુણનિધિ વંદું માયા અબાધિ.

*

શોભે નિર્ગુણ મૂર્તિ વૈભવ ભરી, જ્ઞાનોપદેશે પૂરા,
છે ભંડાર સમગ્ર સાધુ ગુણના, સર્વજ્ઞ માયાપરા;
ઐશ્વર્યો સહુ છે નિજાશ્રિત તણાં, જે દોષ હંતા સદા,
પ્રેમે 'પ્રાગજી' બ્રહ્મરૂપ ગુરુને, વંદું જ વંદું મુદા.

*

ઈતિ ગુણનિધિવંતા, ભક્ત 'જાગા' ધિમંતા,
ભૂમિ પર એહિ સંતા, પંચ દોષાદિહંતા;
શ્રિતહિત અનુસરતા, મૂળ અજ્ઞાન હરતા,
ઘન સમ સુખ કરતા, જનોપદેશે વિચરતા.

*

શ્રી રાજદુર્ગ નગરે વિમલે વસીને,
શ્રીજી સ્વરૂપ મહિમા હૃદયે ધરીને ;
સ્થાપ્યો પ્રકાશ મૂળ અક્ષરનો પ્રતાપી,
ત્વાં 'કૃષ્ણજી' ગુરુવરં શરણમ્ પ્રપદ્યે.

*

જેનું નામ રટ્યા થકી મલિન સંકલ્પો સમૂળા ગયા,
જેને શરણ થયા પછી ભવતણા, ફેરા વિરામી ગયા ;
જેનાં ગાન દશો દિશે હરિજનો, ગાયે અતિ હર્ષથી,
એવા 'યજ્ઞપુરુષદાસ' તમને, પાયે નમું પ્રીતથી.

*

વાણી અમૃતથી ભરી મધુસમી, સંજીવની લોકમાં,
દૃષ્ટિમાં ભરી દિવ્યતા નીરખતા, સુદિવ્ય ભક્તો બધા;
હૈયે હેતભર્યું મીઠું જનની શુ, ને હાસ્ય મુખે વસ્યું,
તે 'શ્રી જ્ઞાનજી યોગીરાજ' ગુરુને, નિત્યે નમું ભાવશુ.

જેની અમૃતવાણી તો વહી રહી, સાક્ષાત્ મહિમારૂપે,
જેની બ્રહ્મદશા અહો લીન કરે, સુભવ્ય અક્ષરપદે ;
શરણાગત નિજ અલ્પ જીવ સૌના, શ્રેયાર્થે તત્પર રહે,
'કાકા' સ્નેહલસિંધુ દિવ્ય વિભુને, હૈયું તો વંદન કરે.

*

જેની વાણી વિષે અખંડ વહેતી, સૂરાવલી બ્રહ્મની,
કિન્તુ થૈ અજ્ઞાત અલ્પ સમીપે, રસબસ સહુમાં રહી;
જીવે જે અલમસ્ત સ્વામિશ્રીજીમાં, છે મોક્ષદાતા વળી,
'પપ્પા' જોગીસ્વરૂપ વિભુચરણે, ઝૂકી રહું ભાવથી.

*

શોભો સાધુ ગુણે સદા સરળ ને, જકતે અનાસકત છો,
શાસ્ત્રીજી ગુરુ યોગીજી ઉભયની, કૃપા તણું પાત્ર છો;
ધારી ધર્મધુરા સમુદ્ર સરખા, ગંભીર જ્ઞાને જ છો,
'નારાયણસ્વરૂપદાસ' ગુણીને, સ્નેહે જ વંદું અહો.

*

શોભે સૌમ્ય મુખારવિંદ હસતું, નેણે અમી વરસતાં,
વાણી છે મહિમાભરી મૃદુ વળી, હૈયે હરિ ધારતા;
યોગીરાજ, પ્રમુખજી હૃદયથી, જેના ગુણે રીઝતા,
વંદું સંત 'મહંત સ્વામી' ગુરુને, કલ્યાણકારી સદા.

*

દીક્ષા અર્પી અહો ગુણાતીત સમી, જેને ગુરુ જોગીએ,
કાકા ને વળી આપ દિવ્ય દ્વયનું, અદ્વૈત અનોખું જ છે ;
ભેદે સાક્ષી અનંતના સ્વરૂપ આ, શાસ્ત્રી મહારાજનું,
એવા 'સ્વામી હરિપ્રસાદ' ચરણે, વંદન સદા હું કરું.

નિષ્ઠા તો પરિપૂર્ણ અદ્‌ભુત અહો, જેની સ્વરૂપે દીસે,
મૂર્તિસિદ્ધદશા અનાદિની ખરી, ને ધૈર્ય સાક્ષાત્‌ વસે ;
પ્રાસાદે નિજ ધામ ચૈતન્ય વિશે, સ્વામી બિરાજી ગયા,
'સ્વામી અક્ષરના વિહારી' તમને, છે સર્વની વંદના.

*

જેની બુદ્ધિ સુદિવ્ય તો બની રહી, યોગી કૃપા પામતાં,
સેવ્યા દાદુકાકાને વળી અહો, રાજી સ્વરૂપો કર્યાં ;
જેનું દેહ દીસે ગુણાતીત સમું, મુમુક્ષુને સેવતા,
એવા સંત શિરોમણિ 'ગુરુજી'ને, સ્નેહે કરું વંદના.

*

યોગીજી મહારાજના સ્વરૂપમાં, પામી શ્રીજી- સ્વામીને,
સેવ્યા દાદુકાકા ને અહો, પરમ ગુરુહરિ સ્વામીને ;
સુહૃદ દાસત્વેસભર અહો સરળ આત્મીયતા શોભતી,
'સ્વામી પ્રેમસ્વરૂપદાસ' વંદન પ્રેમલહૃદય ભાવથી.

*

જે સાક્ષાત્‌ મહિમાતણું સ્વરૂપ ને, આનંદની મૂર્તિ છે,
તેજસ્વી શૂરવીર વત્સલ અતિ, સ્વામિશ્રીજીધામ છે ;
જેણે સ્વાશ્રયી કર્મયોગે અનુપમ, સ્થાપી પરમ સાધના,
ભાગીદાર યોગી તણા સંતભગવંત 'સાહેબ'ને વંદના.

*

અલમસ્ત જે યોગી તણો, શ્રીજીસ્વરૂપમાં વાસ છે,
એવા જ સ્વામી યોગમૂર્તિ, 'જ્ઞાનજીવનદાસ' છે ;
બ્રહ્મસ્વરૂપે શ્રીજી સ્વામી, સ્વરૂપમાં અનુરાગીએ,
એવી જ આશિષ દાસભાવે હસ્ત જોડી માગીએ.

स्वामिनारायण... स्वामिनारायण...

स्वामिनारायण... स्वामिनारायण... स्वामिनारायण...

બોલો...

* શ્રી સહજાનંદ સ્વામી મહારાજની જય !
* અક્ષરપુરુષોત્તમ મહારાજની જય !
* ગુણાતીતાનંદ સ્વામી મહારાજ – ગોપાળાનંદ સ્વામી મહારાજની જય !
* ભગતજી મહારાજ – જાગા સ્વામી મહારાજ – કૃષ્ણજી અદા મહારાજની જય !
* શાસ્ત્રીજી મહારાજ – યોગીજી મહારાજની જય !
* કાકાજી મહારાજ – પપ્પાજી મહારાજની જય !
* પ્રમુખ સ્વામી મહારાજ – મહંત સ્વામી મહારાજની જય !
* હરિપ્રસાદ સ્વામી મહારાજ – અક્ષરવિહારી સ્વામી મહારાજની જય !
* મુકુંદજીવન સ્વામી મહારાજ – પ્રેમસ્વરૂપ સ્વામી મહારાજની જય !
* સંતભગવંત સાહેબજી મહારાજની જય !
* પ્રત્યક્ષ ધામ–ધામી–મુક્તોની જય ! જય ! જય !